# રંગોળી ઉત્સવ



અક્ષર ચૌદશની ઢળતી સંધ્યાએ યોગીપ્રસાદના પ્રાંગણમાં સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં બાળ તારલાઓ તેમજ યુવાનો-યુવતીઓએ રંગોળી ઉત્સવમાં અધ્યાત્મ, સામાજિક કલ્યાણ તથા રાષ્ટ્રભક્તિની ભાવના જગાવતી સુંદર મજાની કલાત્મક રંગોળી રચી ભક્તિ અદા કરી.

નિર્ણાયકોએ સ્વાભાવિક પ્રથમ ત્રણ સુંદર રંગોળીઓના ક્રમ આપ્યા, પરંતુ પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ ભાગ લેનાર સૌને વિજેતા ગણાવ્યા અને તેઓ સૌની ભક્તિને બિરદાવી. ભગવાને આપેલી કળા, કૌશલ્ય, આવડત સંતોનાં વચને ભગવાનની સેવામાં કેવળ ભગવાનને રાજી કરવા વપરાય તેવા શુભ સંસ્કાર સૌને પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ સંતભગવંત સાહેબજીએ વરસાવ્યા.

'સમન્વય' ઑફિસના કૉર્ટયાર્ડમાં પુષ્પોની કલાત્મક સજાવટથી અનુપમ મિશનના પ્રતીકને દર્શાવતી યુવતીઓ દ્વારા કરાયેલ રંગોળી મધ્યે નૂતન મંદિરનું મૉડેલ ગોઠવાયું, તે સહજ જ સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું.



રંગોળી ઉત્સવમાં જોડાયેલ થનગનતું બાળ-યુવાવૃંદ



રંગોળીની કલાત્મક કૃતિઓનાં દર્શન કરી પ્રસન્નતા વ્યક્ત કરતા સાહેબજી અને સંતો







પ્રભુને રાજી કરવાના ભાવે રંગોળી ઉત્સવમાં ઉત્સાહપૂર્વક સંમિલિત સૌને સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની પ્રસન્નતાપૂર્ણ હૃદયાશિષ